## <u>બીજો પ્રયત્ન</u>

## <u>જાહેર નિવિદા</u>

## <u>કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે</u>

કાયદા વિભાગ હસ્તકની પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ કોર્ટ, વલસાડ તેમજ તેની તાબાની અદાલતો ખાતે **<u>અંગ્રેજી સ્ટેનોગ્રાફર ની ૦૫ જગ્યાઓ ગુજરાતી સ્ટેનોગ્રાફરની ૦૮ જગ્યાઓ કુલ્લે ૧૩ જગ્યાઓ (ભવિષ્યમાં કોર્ટોની સંખ્યા વધઘટ થયેથી ફેરફારને આધિન)</u> તારીખ ૦૧/૧૨/૨૦૨૧ થી તારીખ ૩૧/૧૦/૨૦૨૨ સુધી અથવા નામદાર હાઈકોર્ટ ધ્વારા સ્ટેનોગ્રાફરની રેગ્યુલર ભરતી ન થાય ત્યાં સુધી (બે માંથી વહેલો હોય તે)** આઉટ સોર્સીગ થી સુવિધા વ્યવસ્થાપન માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ જે **An ISO 9001:2015 Certified Company** પાસેથી ઠરાવેલ ટેન્ડરો, સીલબંધ કવરમાં ફકત રજી.પો.એ.ડી.થી પૂર્ણ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧—૦૦ થી ૧૭—૦૦ કલાક વચ્ચે **<u>તારીખઃ— ૨૦/૧૧/૨૦૨૧ (શનિવાર)</u>** સુધીમાં ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડની કચેરી ખાતેથી મેળવી **<u>પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ, વલસાડની</u>** કચેરીના નામનો રૂા. ૧૫૦૦/—પુરાનો ડીમાન્ડ ડ્રાફટથી (પરત નહી ચુકવવા પાત્ર) અરજી સાથે આપી ટેન્ડર ફોર્મ મેળવી અને પુર્ણ લાયકાત અને ભાવ પત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ નીચે સહી કરનાર અધિકારીને **<u>તારીખઃ— ૨૨ /૧૧/૨૦૨૧ સાંજના કલાક ૧૭—૦૦</u>** વાગ્યા સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરીયાત, કચેરીની સ્થિતિનું નિરીક્ષણ કરી અત્રેની કચેરીમાં ઉપલબ્ધ ટેન્ડર સાથે જોડવાની વિગત તથા ફોર્મ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

**(એમ.કે.દવે)**
પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ જજ,
**વલસાડ**

સ્થળ : ડિસ્ટ્રિકટ કોર્ટ, વલસાડ
તા. ૩૦ —૧૦ —૨૦૨૧

કચેરીનું સરનામું :— ડીસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ, ધરમપુર રોડ, તા. જી. વલસાડ
પીન કોડ ૩૯૬ ૦૦૧